# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

## ટેન્ડર નોટિસ

વિસ્તરણ શિક્ષણ નિયામક, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની કચેરી હસ્તક કાર્યરત કૃષિકાર ભવન ખાતે આવતા તાલીમાર્થીઓ અને મુલાકાતી ખેડૂતોને જરૂરીયાત મુજબ ચા-નાસ્તો તથા ભોજન બનાવીને પીરસવા માટેનો વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટ કરવાનો છે. આ માટેનું ટેન્ડર ફોર્મ જાહેર રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન અત્રેની કચેરી ખાતેથી રૂા. ૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) રોકડા જમા કરાવી, ભરેલ ટેન્ડર ફોર્મ જરૂરી સાધનિક પુરાવા સહિત તા. ૧૦-૦૪-૨૦૨૩ ના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં પોસ્ટ/કુરીયરથી અત્રેની કચેરી ખાતે પહોંચતા કરવાના રહેશે. આ અંગેની અન્ય શરતો અને બોલીઓ અત્રેની યુનિવર્સિટીની વેબ સાઈટ www.nau.in પરથી જોઈ શકાશે.

તારીખ : ૨૦-૦૩-૨૦૨૩

માહિતી/નવસારી/૬૧૬/૨૦૨૩

વિસ્તરણ શિક્ષણ નિયામક

*<u>કચેરીના ઉપયોગ માટે</u>*

# નવસારી કૃષિ યુનિવર્સિટી

## કૃષિકાર ભવન ખાતે
## રસોઈની કામગીરી માટેનું ટેન્ડર ડોકયુમેન્ટ

ટેન્ડર નંબર : ............... ઈસ્યુ તારીખ :......................

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**ભરેલ ટેન્ડર ફોર્મ મોકલવાની છેલ્લી તારીખ : <u>૧૦/૦૪/૨૦૨૩</u>**

**● ટેન્ડર સબંધી વધુ વિગત માટે સંપર્ક ●**

સરદાર સ્મૃતિ કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી–૩૯૬૪૫૦ ગુજરાત
ટેલી. ૦૨૬૩૭–૨૮૨૫૭૨, મો.૬૩૫૨૪૧૬૧૯૬

**–: કચેરી:–**

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી–૩૯૬૪૫૦ ગુજરાત

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

# નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા,નવસારી–૩૯૬૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# ટેન્ડર ડોકયુમેન્ટ

## ●કૃષિકાર ભવન ખાતે રસોઈની કામગીરી●

નવસારી કૃષિ યુનિવર્સિટીનો મુખ્ય ઉદ્દેશ રાજયના ખેડૂતોની ખેતીમાં સુધારો લાવીને તેઓનો આર્થિક વિકાસ સાધવાનો છે. ખેતી અને ખેડૂતોના વિકાસ માટે યુનિવર્સિટી દ્વારા કૃષિ સબંધી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણની બહુવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. કૃષિ સંશોધન કેન્દ્રો દ્વારા બહાર પાડવામાં આવતી નવીનતમ કૃષિ ટેકનોલોજી દક્ષિણ ગુજરાતના ખેડૂતો અપનાવે તે માટે તેઓને અભિપ્રેરિત કરવા તથા ખેડૂતોના ખેતરો સુધી તેને અસરકારક રીતે પહોંચતી કરવા માટે યુનિવર્સિટી હેઠળ ચાલતી વિવિધ વિસ્તરણ શિક્ષણ યોજનાઓ મારફતે ખેડૂતોપયોગી વિસ્તરણ શિક્ષણ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે.

વર્ષ દરમ્યાન મોટી સંખ્યામાં ખેડૂતો  યુનિવર્સિટીમાં તાલીમ માટે આવે છે, જે કૃષિકાર ભવનમાં રાત્રિરોકાણ કરતાં હોય છે. નવસારી કૃષિ યુનિવર્સિટીના વડા મથક નવસારી ખાતે ખેડૂતોની રહેઠાણ વ્યવસ્થા માટે હાલ ત્રણ કૃષિકાર ભવનોની સુવિધા ઉપલબ્ધ છે. આ ત્રણેય કૃષિકાર ભવનો વચ્ચે એક રસોડાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.આ રસોડામાં તાલીમાર્થી/મુલાકાતી ખેડૂતો  માટે  ચા–નાસ્તો તથા ભોજન અંગેની સંપૂર્ણ જવાબદારી ઉઠાવી શકે તેવી અનુભવી અને રસ ધરાવતી પાર્ટીને કોન્ટ્રાકટ આપવાનો છે. આ માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. આ માટે આ સાથે સળંગ પાના નં ૧ થી ૫ સુધી ક્રમ ધરાવતાં કાગળો સામેલ કરેલ છે.


| અ.નં. | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧ | એજન્સીની પ્રાથમિક માહિતી | ૧ |
| ૨ | કૃષિકાર ભવન ખાતે રસોઈની કામગીરી તથા ટેન્ડર અંગેની શરતો અને બોલીઓ | ૨–૪ |
| ૩ | કૃષિકાર ભવન ખાતે રસોઈ બનાવવાના ભાવોનું પત્રક | ૫ |


–:–:–:–:–: –:–:–:–:–: –:–:–:–:–: –:–

## <u>કૃષિકાર ભવન ખાતે રસોઈ બનાવવાની કામગીરી</u>

## <u>એજન્સીની પ્રાથમિક માહિતી</u>

| | | | |
|---|---|---|---|
| ૧. | એજન્સીનું નામ | : | |
| ૨. | કાયમી સરનામું | : | |
| ૩. | પત્ર વ્યવહારનું પુરૂ સરનામું | : | |
| ૪. | મોબાઈલ/ ટેલિફોન નંબર | : | |
| ૫ | ફેકસ નંબર (જો હોય તો) | : | |
| ૬ | ઈ–મેઈલ સરનામું (જો હોય તો) | : | |
| ૭ | ચુકવેલ ટેન્ડર ફી નો રસીદ નંબર | : | |
| ૮ | એજન્સી નોંધણી નંબર (જો હોય તો) | : | |
| ૯ | PAN નંબર | : | |
| ૧૦ | GST /CST/TIN NO. | | |
| ૧૧ | અનુભવની વિગત | : | |

આ ટેન્ડર ડોકયુમેન્ટની સંબંધિત તમામ શરતો અને બોલીઓ મને કબુલ છે.

ટેન્ડર ભરનારની સહી
(નામ તથા એજન્સીના સિક્કા સાથે)

### વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
### એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

## કૃષિકાર ભવન ખાતે રસોઈની કામગીરીના કોન્ટ્રાકટ અંગેની શરતો અને બોલીઓ

| | |
|---|---|
| ૧. | રસોઈ બનાવવા માટે ઉચ્ચ કક્ષાની કાચી સામગ્રી અને ડબલ ફીલ્ટર્ડ તેલ (મગફળી અથવા કપાસીયા/ સનફલાવર)નો ઉપયોગ કરીને આરોગ્યપ્રદ, શુધ્ધ અને સાત્વિક રસોઈ બનાવવાની રહેશે. ગુણવત્તા બાબતે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહિ. |
| ૨. | રસોઈ અને પીવાના પાણી માટે R.O. વોટર તેમ જ બળતણ માટે ગેસ/ચુલાની વ્યવસ્થા પાર્ટીએ પોતાના ખર્ચે કરવાની રહેશે. |
| ૩. | યુનિવર્સિટી તરફથી એકદમ મર્યાદિત સંખ્યામાં ઉપલબ્ધ રસોઈ/ભોજન બનાવવા માટેના સાધનો/વાસણો પાર્ટીને પહોંચ લઈને આપવામાં આવશે. રસોઈનો કોન્ટ્રાકટ પુરો થયે જે હાલતમાં વાસણો/સાધનો આપેલ હોય તે હાલતમાં, તેટલી સંખ્યામાં યુનિવર્સિટીને પરત કરવાના રહેશે. ખોવાયેલ વાસણો/સાધનો જે ગુણવત્તાના છે તેવા જ નવા ખરીદીને પરત કરવાના રહેશે. |
| ૪. | કોન્ટ્રાકટરે ભોજન વ્યવસ્થા માટે સ્વચ્છ મેલેમાઈન/સ્ટીલ ડાયનીંગ સેટ વાપરવાનો રહેશે તેમજ કાઉન્ટર માટે જરૂરી સર્વિસ પર્સનના (પિરસવાવાળા) સ્વચ્છ અને સુઘડ પહેરવેશ હોવા જોઈએ. રસોડાની અંદર ડાયનિંગ ટેબલ તેમજ ભોજન માટે વાપરવામાં આવતા વાસણો, ડીશ, વાટકી અને ચમચીની સ્વચ્છતા જાળવવાની સંપૂર્ણ જવાબદારી પાર્ટીની રહેશે. |
| ૫. | ભોજન લેનારની સંખ્યા વધારે હોય ત્યારે જરૂરીયાત મુજબના તમામ પ્રકારના સાધનો/વાસણોની તથા અન્ય જરૂરીયાત મુજબ વ્યવસ્થા પાર્ટીએ પોતાના ખર્ચે કરવાની રહેશે. તદઉપરાંત ભોજનના સ્થળની સાફ–સફાઈની જવાબદારી પણ પાર્ટીની રહેશે. |
| ૬. | યુનિવર્સિટી ખાતે જયારે ખેડૂતલક્ષી વિસ્તરણ પ્રવૃત્તિઓ તથા સેમિનારો, કોન્ફરન્સ અને સિમ્પોઝિયમ જેવા કાર્યક્રમો યોજાય ત્યારે તેમાં ભાગ લેનાર વ્યકિતઓ માટે જરૂરીયાત મુજબ ભોજનની વ્યવસ્થા કરવાની રહેશે. |
| ૭. | ભોજન માટે ઓછામાં ઓછા ૧૦ (દસ) વ્યકિતઓ હોય ત્યારે પણ પાર્ટીએ રસોઈ કરી આપવાની રહેશે. |
| ૮. | રસોડામાંથી નીકળતો કચરો તેમજ રસોઈના એઠવાડના કારણે ગટરલાઈન જો બ્લોક થઈ જાય તો પાર્ટીએ પોતાના ખર્ચે ગટર લાઈનની સફાઈ કરાવી લેવાની રહેશે. |
| ૯. | ભોજન આપવા માટે સૂચવેલ હોય તે સમયે ભોજન તૈયાર રાખવાનું રહેશે. તાલીમવર્ગો/ મિટીંગો સિવાય પણ જરૂર જણાય ત્યારે જે તે કચેરી દ્વારા સુચના આપવામાં આવે તે મુજબ નવસારી કેન્દ્ર ખાતે જે તે સ્થળે ચા–નાસ્તાની અને ભોજનની વ્યવસ્થા કરવાની રહેશે. |
| ૧૦. | રસોડાની કામગીરીને કારણે યુનિવર્સિટીની માલ મિલકતને નુકસાન થશે તેની સંપૂર્ણ જવાબદારી પાર્ટીની રહેશે. આ ઉપરાંત આગ, અકસ્માત, કુદરતી આફત, તોફાન, હુલ્લડ કે અન્ય બનાવોમાં એજન્સીને તથા થર્ડ પાર્ટીને થયેલ/થનાર કોઈપણ પ્રકારની નુકસાનીની કે જાનહાનિ માટેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. ઉપરોકત બાબતો માટે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ. |
| ૧૧. | સરકારશ્રી દ્વારા નિયત થયેલ જાહેર પબ્લિકના આરોગ્યની જાળવણીના નિયમોનો ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. |
| ૧૨. | રસોડાની જવાબદારી સંભાળનાર પાર્ટીને કૃષિકાર ભવન ખાતે રાત્રિ રોકાણની સુવિધા પુરી પાડવામાં આવશે નહિ. પાર્ટીએ પોતે નવસારી કેન્દ્રની બહાર પોતાના ખર્ચે વ્યવસ્થા કરવાની રહેશે. |
| ૧૩. | નિયત કરેલ જુદી જુદી ડીશોના મેનુ સિવાય યુનિવર્સિટીના કોઈ વિભાગ દ્વારા ખાસ ડીશનો ઓર્ડર આપવામાં આવે ત્યારે પાર્ટીએ જે તે વિભાગના વડા સાથે મેનુ અને ભાવ અંગે જરૂરી પરામર્શ કરી લેવાનો રહેશે. નાણાંની ચૂકવણી કે રસોઈની ગુણવત્તા માટે વિસ્તરણ યુનિટની કોઈ જવાબદારી રહેશે નહી. |
| ૧૪. | ભોજન અંગે અગાઉથી એડવાન્સ નાણાં ચુકવવામાં આવશે નહિ. |
| ૧૫. | ભાવો તમામ પ્રકારના ટેક્ષ સાથેના પ્રતિ ડીશ પ્રમાણે આપવાના રહેશે તેમજ જરૂર પડયેથી જે તે ટેક્ષ ભર્યાની ખાતરી કચેરી કરી શકશે/કરાવવાની રહેશે. |

| | |
|---|---|
| ૧૬. | યુનિવર્સિટીના જે તે વિભાગને તેમજ બહારથી આવતી જુદી જુદી સરકારી સંસ્થાઓને GST સહિતનું પાકું બીલ આપવાનું રહેશે, આ માટે GST નંબર હોવો જરૂરી છે. બીલના પેમેન્ટ બાબતે કોઈપણ કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થાય તેની સંપૂર્ણ જવાબદારી પાર્ટીની રહેશે. |
| ૧૭. | ટેન્ડર ભરનાર પાર્ટીએ અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) પેટે "Assistant Extension Educationist, DEE, Navsari" ના નામનો રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર પુરા)નો ડીમાન્ડ ડ્રાફ્ટ ટેન્ડર ફોર્મની સાથે મોકલવાનો રહેશે. જો ટેન્ડરની સાથે ઉપરની વિગતે ડીમાન્ડ ડ્રાફ્ટ મોકલવામાં નહીં આવે તે પાર્ટીનું ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહીં. |
| ૧૮. | અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) ની પુરેપુરી રકમ નીચે દર્શાવેલ કારણોસર જપ્ત (forfeit) કરવામાં આવશે, જેમાં,<br>(અ) ટેન્ડર ભરનાર પાર્ટી પોતાનું ટેન્ડર પરત ખેંચશે તો,<br>(બ) જે પાર્ટીનું ટેન્ડર મંજુર કરવામાં આવે અને તે પાર્ટી જો રસોઈની કામગીરી કરવાનું ન સ્વીકારીને પીછે હેઠ કરે તો, |
| ૧૯. | જે પાર્ટીના ભાવો મંજુર કરવામાં આવે તે પાર્ટીએ ઓર્ડર મળ્યાની તારીખથી દિન–૭ માં સિકયોરીટી ડીપોઝીટ (SD) તરીકેની રકમ રૂા. ૨૫,૦૦૦/–(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)"Assistant Extension Educationist, DEE, Navsari" ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ બનાવી જમા કરાવવાના રહેશે, જે રકમ નીચે દર્શાવેલ કારણોસર પૂર્ણ અથવા અંશતઃ જપ્ત (forfeit) કરવામાં આવશે, જેમાં,<br>(અ) રસોડા માટે આપવામાં આવેલ સાધન સામગ્રી ( ફર્નિચર અને ઈલેકટ્રીક સાધનો)ને બગાડી નાખે કે ખોઈ નાખે તો, અને<br>(બ) કોન્ટ્રાકટની નક્કી કરેલ રકમ સમયાવધિ પહેલાં અધવચ્ચેથી રસોઈની કામગીરી છોડીને જતા રહે તો,<br>(ક) રસોઈની કામગીરી સંતોષકારક ન કરે તો.<br>અન્યથા કોન્ટ્રાકટ પૂર્ણ થયે કામગીરી સંતોષકારક જણાય તો સિકયોરીટી ડીપોઝીટ (SD) તરીકેની રકમ પુરેપુરી પરત કરવામાં આવશે. |
| ૨૦. | અસફળ રહેલ પાર્ટીને તેમની અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD)ની રકમ ટેન્ડરીંગ કાર્યવાહી પુર્ણ થયે પરત કરવામાં આવશે. જયારે સફળ રહેલ પાર્ટી સિકયોરીટી ડીપોઝીટ (SD) તરીકેની રકમ જમા કરાવે પછી EMD ની રકમ પરત કરવામાં આવશે. |
| ૨૧. | જે પાર્ટીને ઓર્ડર આપવામાં આવે તે પાર્ટીએ રસોડાના ઘસારા ખર્ચ પેટે રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) "Assistant Extension Educationist, DEE, Navsari" ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટથી દિન–૭ માં અત્રેની કચેરીમાં જમા કરાવવાના રહેશે, જે પરત મળવા પાત્ર રહેશે નહી. આમ કરવામાં નિષ્ફળ જનાર પાર્ટીનો ઓર્ડર આપોઆપ રદ ગણાશે અને પછીના નંબરની પાર્ટીને ઓર્ડર આપવામાં આવશે. |
| ૨૨. | જે પાર્ટીના ભાવો માન્ય રાખવામાં આવે અને તે પાર્ટી નિયત કરવામાં આવેલ તારીખે રસોડું શરૂ કરવામાં નિષ્ફળ જશે તો કોઈપણ કારણ આપ્યા વગર તે પાર્ટીનો કોન્ટ્રાકટ રદ કરી પછીના ક્રમે આવતા ઈસમને કોન્ટ્રાકટ આપી દેવામાં આવશે અને અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) ની રકમ પુરેપુરી જપ્ત (forfeit) કરવામાં આવશે. |
| ૨૩. | કિશાનઘર ખાતેના રસોડા માટેનો કોન્ટ્રાકટ જે તે પાર્ટીને આપવામાં આવ્યા બાદ જયારે તેનો કોન્ટ્રાકટ જે તારીખે પુર્ણ થાય પછી નીચે મુજબની શરતોને આધિન યુનિવર્સિટીના સત્તાધીશો દ્વારા કોન્ટ્રાકટની મુદત વધારવા માટે વિચારી શકાશે.<br>(૧) ગત વર્ષના કોન્ટ્રાકટના સમયગાળા દરમ્યાન તમામ સ્તરે જેમ કે, રસોઈ, સ્વચ્છતા, વ્યવહાર વિગેરે સંતોષકારક કામગીરી જણાય તો,<br>(૨) સક્ષમ અધિકારીની મંજુરી મળે તો,<br>(૩) કોન્ટ્રાકટના સમયગાળા દરમ્યાન કોઈપણ પ્રકારની ફરીયાદ ન આવે,<br>(૪) રસોઈમાં તે જ ભાવે અથવા મોંઘવારીને ધ્યાને લઈ યુનિવર્સિટી નકકી કરે તેટલા પ્રમાણમાં ભાવોમાં વધારો કરી કોન્ટ્રાકટનો સમયગાળો વધારી શકાશે.<br>(૫) કોન્ટ્રાકટનો સમયગાળો/અવધિ વધારવી કે નહિ તેની સંપુર્ણ સત્તા યુનિવર્સિટીના સત્તાધિશ પાસે અબાધિત રહેશે. |

| | |
|---|---|
| ૨૪. | ચા–પાણી–નાસ્તો અને ભોજન લીધા પછી ભોજનના કારણે જો કોઈ ભોજન લેનારના આરોગ્ય (ઝાડાં, ઉલ્ટી, અશકિત વિ.)ને લગતા પ્રશ્નો ઉપસ્થિત થશે તો તેની આરોગ્ય અને કાયદાકીય સંપૂર્ણ જવાબદારી પાર્ટીની રહેશે. |
| ૨૫. | સંતોષકારક ભોજન તૈયાર કરવામાં ન આવે અથવા પાર્ટી વખતોવખત મળતી સુચનાઓનો અમલ ન કરે તો કોન્ટ્રાકટ રદ કરવાની સત્તા યુનિવર્સિટીના સત્તાધિશ પાસે અબાધિત રહેશે. |
| ૨૬. | ઋતુ પ્રમાણે જુદા જુદા સ્વચ્છ અને તાજા શાકભાજીમાથી બપોરે/ સાંજે શાક બનાવવાના રહેશે. |
| ૨૭. | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની મંજુરીથી કોઈપણ અધિકારી ભોજનની ગુણવત્તા/ચકાસણી કરી શકશે અને ખામી જણાશે તો નિયમોનુસાર પગલા લેવામાં આવશે. |
| ૨૮. | પાર્ટી પાસે સક્ષમ અધિકારી દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ રસોઈયા/ ધંધાદારી / રોજગારી તરીકેનું નોંધણી પ્રમાણપત્ર અને પાનકાર્ડ હોવું જરૂરી છે. |
| ૨૯. | પાર્ટી પાસે FSSAI (Food Safety And Standards Authority of India) ભારત સરકાર દ્વારા આપવામાં આવતુ લાયસન્સ હોવું જરૂરી છે. |
| ૩૦. | પાર્ટી પાસે Food & Drugs Control Administration, ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવતુ લાયસન્સ હોવું જરૂરી છે. |
| ૩૧. | સરકારી/સહકારી/યુનિવર્સિટીમાં ઓછામાં ઓછો ૩ વર્ષનો રસોડા ચલાવવાનો અનુભવ હોવો જોઈએ, અનુભવ હોય તો તેનું પ્રમાણપત્ર અથવા આધાર રજુ કરવાના રહેશે. |
| ૩૨. | કોન્ટ્રાકટ રાખનાર ઈસમે પોતે જાતે હાજર રહી રસોઈ તેમજ ચા/નાસ્તા માટેની વ્યવસ્થા, દેખભાળ સંભાળવાની રહેશે. પેટા કોન્ટ્રાકટ આપી શકાશે નહિ. |
| ૩૩. | **ટેન્ડર ફોર્મ જાહેર રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન અત્રેની કચેરી ખાતેથી રૂા.૧૫૦૦/–(અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) રોકડા જમા કરાવી મેળવી લેવાનું રહેશે.** ટેન્ડર ફોર્મની ફી પેટે રોકડેથી ભરેલ રૂા.૧૫૦૦/– ની અસલ રસીદ ટેન્ડર ફોર્મ સાથે જોડવાની રહેશે, નહીંતર ટેન્ડર ફોર્મને અપૂર્ણ ગણી રદ કરવામાં આવશે. |
| ૩૪. | ભાવો ભરેલ ટેન્ડર ફોર્મ સાથે ફોર્મની ફીની રસીદ, ઈ.એમ.ડી.નો ડ્રાફટ, પાનકાર્ડની ઝેરોક્ષ નકલ, GST નોંધણી અંગેના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ, રસોઈયા તરીકે નોંધણી અંગેના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ, ફુડ અને ડ્રગ્ઝ કંટ્રોલ એડમીનીસ્ટ્રેશન, ગુજરાત રાજય દ્વારા આપવામાં આવતું લાયસન્સ, FSSAI ભારત સરકાર દ્વારા આપવામાં આવતું લાયસન્સ, અનુભવના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ અને અન્ય સાધનિક પુરાવા સામેલ રાખીને સીલબંધ કવરમાં **''વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦''** ના સરનામે મોડામાં મોડું **તા.૧૦/૦૪/૨૦૨૩** સુધીમાં કચેરી સમય દરમ્યાન મળી જાય તે રીતે પોસ્ટ/કુરીયરથી મોકલવાનું રહેશે. કવર ઉપર **''કૃષિકાર ભવન ખાતે રસોઈના ભાવ''** એમ અવશ્ય લખવાનું રહેશે. ટેન્ડર ફોર્મ રૂબરૂમાં સ્વીકારવામાં આવશે નહિ. |
| ૩૫. | ક્રમ–૩૪ માં દર્શાવેલ સાધનિક પ્રમાણપત્રો અને વિગતો વગરનું ટેન્ડર ફોર્મ અધૂરું ગણીને તેને અમાન્ય ગણવામાં આવશે, જે બાબતે પાછળથી પાર્ટીનો કોઈ હકદાવો રહેશે નહીં. |
| ૩૬. | ટેન્ડર પ્રક્રિયાને ધ્યાને લઈને ભાવો મંજૂર કરવા, ભાવો નામંજૂર કરવા કે આખે આખી ટેન્ડર પ્રક્રિયા રદ કરવાની સંપુર્ણ સત્તા કોન્ટ્રાકટ માટે નકકી કરવામાં આવેલ કમિટીના સક્ષમ અધિકારીશ્રીઓ પાસે અબાધિત રહેશે. |
| ૩૭. | કોઈપણ કાયદાકીય વિખવાદ ઉભો થાય ત્યારે તેના નિરાકરણનું કાર્યક્ષેત્ર નવસારી રહેશે. |

સ્થળ:

તારીખ:

**ઉપરોકત શરતો અને બોલીઓ (૧ થી ૩૭)**
**મેં બરાબર વાંચીને સમજી છે અને તે મને માન્ય છે.**

**ભાવ મોકલનાર પાર્ટીની સહી અને સિક્કો**

**વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી–૩૯૬૪૫૦**

## કૃષિકાર ભવન ખાતે રસોઈ બનાવવા માટેના મંજૂર કરેલ ભાવો

| અ.નં. | ભોજન મેનુની વિગત | | એક ડીશના તમામ ટેક્ષ સાથેના ભાવો |
|---|---|---|---|
| ૧. | દાળ, ભાત(મસુરી ચોખા), એક લીલોતરી શાક, એક કઠોળ, કચુંબર, પાપડ, પુરી/રોટલી, છાશ | | |
| ૨. | એક લીલોતરી શાક, દાળ, ભાત(મસુરી ચોખા), મેવા લાપસી/શીરો, પાપડ, કચુંબર, પુરી/રોટલી, ફરસાણ(ખમણ/ ભજીયા/સમોસા), છાશ | | |
| ૩. | દાળ, ભાત(મસુરી ચોખા), એક લીલોતરી શાક, કચુંબર, પુરી/રોટલી, છાશ | | |
| ૪. | એક લીલોતરી રસાવાળું શાક, ભાખરી/રોટલી/પુરી, ખીચડી, કઢી, કચુંબર | | |
| ૫. | એક લીલોતરી શાક, એક કઠોળ, ભાત(કોલમ), દાળ, એક ફરસાણ, કચુંબર, પાપડ, પુરી/રોટલી, છાશ અને (૧) ગુલાબજાંબુ (૨) ફ્રુટ સલાડ (૩) મોહનથાળ (૪) બુંદીના લાડવા પૈકી કોઈપણ એક મિઠાઈ | | |
| ૬. | પંજાબી શાક, એક કઠોળ, પુલાવ/જીરા રાઈસ, દાળ ફ્રાય/કઢી, ફરસાણ, કચુંબર, પાપડ, પુરી/રોટલી, છાશ અને(૧) શ્રીખંડ (૨) કેરીનો રસ (૩) મગની દાળનો શીરો (૪) બરફી પૈકી કોઈપણ એક મિઠાઈ | | |
| ૭. | ચા–નાસ્તો : | | |
| | ૭.૧ | એક આખી ચા (૧૫૦ મી.લી) | |
| | ૭.૨ | એક અડધી ચા (૭૫ મી.લી) | |
| | ૭.૩ | એક આખી કોફી (૧૫૦ મી.લી) | |
| | ૭.૪ | ખમણ/બટાકા પૌવા/ઈદડા નાસ્તો એક પ્લેટ (૧૫૦ ગ્રામ) | |
| | ૭.૫ | ભજીયા/ગોટા/ઉપમા/સમોસા કે અન્ય એક પ્લેટ(૧૫૦ ગ્રામ) | |
| | ૭.૬ | સેવખમણી (૧૫૦ ગ્રામ) /પેટીશ (૪ નંગ)/પરોઠા (૨ નંગ)/ ઈડલી (૪ નંગ) સંભાર / ફાફડા (૧૦૦ ગ્રામ) કે અન્ય એક પ્લેટ | |

સ્થળ: **ભાવ મોકલનાર પાર્ટીની સહી અને સિક્કો**
તારીખ: